# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 15-07-2025** **Evening : 7.10 to 7.20 PM**
**Day : Tuesday** **Regional News**

આકાશવાણી અમદાવાદ- વડોદરા પ્રાદેશિક સમાચાર **યશવી મહેતા** વાંચે છે.

---

1) મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે રાજ્યમાં ચાલી રહેલા માર્ગો-પુલોના મરામત કામોની CM ડેશબોર્ડ મારફતે સમીક્ષા કરી
2) નબળી ગુણવત્તાના રોડ બનાવનાર કોન્ટ્રાક્ટરોને જામનગર, ભાવનગર અને જૂનાગઢ મહાનગરપાલિકાની નોટીસ
3) સીસીટીવી પ્રોજેક્ટને કારણે અમદાવાદમાં ગુનાઓની સંખ્યામાં નોંધપાત્ર ઘટાડો થયો
4) જર્મનીમાં આવતી કાલથી શરૂ થઈ રહેલી વર્લ્ડ યુનિવર્સિટી ગેમ્સમાં ભારતની ટેબલ ટેનિસ ટીમમાં સુરતનાં બે ખેલાડીનો સમાવેશઃ
5) રાજ્યમાં વરસાદનું જોર ઘટ્યું - 17 જુલાઈ બાદ સમગ્ર રાજ્યમાં વરસાદ વિરામ લે તેવી આગાહી

-------------------------------------

(સમાચારને અંતે)

(આકાશવાણી અમદાવાદ –વડોદરા કેન્દ્ર પરથી પ્રાદેશિક સમાચાર પૂરા થયા)

હવે પછી આપ રાત્રિના 7 વાગીને 50 મિનિટે રાષ્ટ્રીય સમાચાર સાંભળી શકશો.

# ROAD REPAIRING CM DASHBOARD

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે સમગ્ર રાજ્યમાં ચાલી રહેલા માર્ગો-પુલોના મરામત કામોની સઘન સમીક્ષા સી.એમ. ડેશબોર્ડની વિડીયો વોલ મારફતે કરી હતી. તેમણે અધિકારીઓને આ કામગીરી ઝડપથી કરીને નાગરિકોની સમસ્યા ઉકેલવા અધિકારીઓને સૂચનાઓ આપી.

મુખ્યમંત્રીએ મરામત કામોની સાઈટ વિઝિટ કરીને કામગીરીની ગુણવત્તા ચકાસવા દિશાનિર્દેશ આપ્યા છે.

ઉલ્લેખનીય છે કે , મુખ્યમંત્રીએ રાજ્યમાં ચોમાસામાં ભારે વરસાદને પગલે નેશનલ હાઇવે , સ્ટેટ હાઇવે તેમજ ગામો , નગરો-મહાનગરોના રસ્તાને થયેલા નુકસાનનું દુરસ્તી કાર્ય ચોવીસ કલાક યુદ્ધના ધોરણે શરૂ કરાવ્યું છે.

રાજ્યનાં માર્ગો અંગે ફરિયાદ કરવા શરૂ કરવામાં આવેલી ‘ગુજમાર્ગ’ એપ પર ત્રણ દિવસમાં રજિસ્ટ્રેશનની સંખ્યા 164 ટકા વધી છે.

. . . . . . . . . . . . .

# JAMNAGAR-BHAVNAGAR CONTRACTOR NOTICE

મુજપુર-ગંભીરા જેવી પુલ દુર્ઘટના આગામી સમયમાં ન બને તે માટે રાજ્ય સરકારે પગલાં લેવાનું શરૂ કર્યું છે. મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલે રાજ્યમાં જ્યાં રસ્તા અને પુલની નબળી કામગીરી દેખાય તો તે જિલ્લાના વરિષ્ઠ અધિકારી – અધિકારીએ કોન્ટ્રાક્ટર સામે ગંભીર પગલા લેવા આદેશ આપવામાં આવ્યા છે.

આ અભિયાનમાં ભાગ રૂપે માર્ગોની નિયત સમયમર્યાદા કામગીરી પૂર્ણ ન કરવા તેમજ નબળી ગુણવત્તાના રોડ બનવવાના કારણે જામનગર , ભાવનગર અને જૂનાગઢ મહાનગરપાલિકા દ્વારા કોન્ટ્રાક્ટરોને નોટીસ આપવામાં આવી છે. જામનગરમાં ત્રણ મુખ્ય રોડમાં ખામી જોવા મળતા મહાનગરપાલિકા દ્વારા કોન્ટ્રાક્ટરને ટેન્ડરની શરતો અનુસાર નોટિસ પાઠવવામાં આવી છે.

. . . . . . . . . .

# ROAD REPAIRING STATE-1

રાજ્યભરમાં  વરસાદથી ક્ષતિગ્રસ્ત રસ્તાઓના સમારકામની કામગીરી પૂરજોશમાં ચાલી રહી છે. ખાડાઓને મેટલ પેચવર્ક અને ડામર પેચવર્કથી ભરવાની કામગીરી અને નવા ડામર પાથરવાની કામગીરી કરવામાં આવી રહી છે.

ગાંધીનગર જિલ્લાના અમારા પ્રતિનિધી દુર્ગેશ મહેતા જણાવે છે કે    , આજે ગાંધીનગર જિલ્લામાં કુડાસણ ખાતે ક્ષતિગ્રસ્ત થયેલા રસ્તાનું તાત્કાલિક પેચ વર્ક અને રીપેરીંગ કાર્ય હાથ ધરવામાં આવ્યું હતું.

આ અંગે નાયબ મ્યુનિસિપલ કમિશનર કે જી ચૌધરીએ વધુ માહિતી આપીઃ

(BYTE K G CHAUDHARY)

અમદાવાદના મ્યુનિસિપલ કમિશનર બંછાનિધિ પાનીએ આજે અમદાવાદના પૂર્વ વિસ્તારમાં વિરાટનગર, સોનીની ચાલી, નિકોલ ગામ સહિત પૂર્વ વિસ્તારમાં વિવિધ સ્થળોમાં ચાલી રહેલી રોડ રિપેરિંગ કામગીરીનું નિરીક્ષણ કર્યું હતું. શ્રી પાનીએ જણાવ્યું કે, અત્યાર સુધીમાં ૭૩૨૬ જેટલા ખાડાઓની ફરિયાદ આવી, જેમાંથી ૬૫૯૪ જેટલા ખાડાઓનું સંપૂર્ણ સમારકામ કરી દેવામાં આવ્યું છે.

પંચમહાલ જિલ્લાના અમારા પ્રતિનિધી વિપુલ  પુરોહિત જણાવે છે કે , માર્ગ અને મકાન વિભાગનાં ૫૦ થી વધુ કર્મચારીઓની કુલ પાંચ ટીમો દ્વારા જિલ્લાના    ટીંબા-દલવાડા રોડ, ટૂવા-મહલોલ-વેજલપુર રોડ,  સંતરોડ–સંતરામપુર રોડ, જ્યોતી સર્કલથી દુનિયા રોડ અને હાલોલ-અરાદ-પરોલી રોડ પર કોન્ક્રીટ પેચવર્કની કામગીરી કરવામાં આવી છે. મહેસાણા જિલ્લાના અમારા પ્રતિનિધી જયંતિ ચૌધરી જણાવે છે કે      , મહાનગરપાલિકા દ્વારા 10 ટ્રેકટર, 6 જેસીબી અને 15 શ્રમિકોની ટીમે રસ્તાની મરામત અને સફાઇ કામગીરી કરી હતી....1

# ROAD REPAIRING STATE-2

મહિસાગર જિલ્લાના અમારા પ્રતિનિધિ કૌશિક જોશી જણાવે છે કે , સંતરામપુર ખાતે ચીબોટા નદી ઉપર વર્ષ ૧૯૮૩ માં બનાવેલ ચીબોટા બ્રીજ હાલમાં જર્જરીત સ્થિતિમાં હોવાથી તમામ પ્રકારના વાહનો તથા રાહદારીઓની અવરજવર માટે બીજો હુકમ ન થાય ત્યાં સુધી મનાઈ ફરમાવવામાં આવી છે.

નવસારીનાં જિલ્લાના અમારા પ્રતિનિધિ અશોક પટેલ જણાવે છે કે , જિલ્લામાં ક્ષતિગ્રસ્ત માર્ગને યુદ્ધના ધોરણે પુનઃકાર્યરત કરવાની કામગીરી ચાલી રહી છે. કાર્યપાલક ઈજનેર કે.એમ.પટેલે ગણદેવી તાલુકાના નાંદરખા ગામના 4.8 કિલોમીટર લાંબા મુખ્ય માર્ગના મારકામની કામગીરીનું સ્થળ નિરિક્ષણ કર્યું હતું.

ગીર સોમનાથ જિલ્લાનાં અમારા પ્રતિનિધી રાજેશ ભજગોતર જણાવે છે કે, જિલ્લાનાં 45 થી વધુ નાના-મોટા પુલની તપાસ કર્યાં બાદ 7 પુલો પર ભારે વાહનોની અવર-જવર પર પ્રતિબંધ મૂકવામાં આવ્યો છે.

જામનગર જિલ્લાનાં અમારા પ્રતિનિધી જગત રાવલ જણાવે છે કે, જિલ્લાનાં 585 પુલની સમીક્ષા કરવામાં આવી હતી, જેમાંથી 6 પુલ પર ભારે વાહનોની અવર-જવર પર પ્રતિબંધ મૂકવામાં આવ્યો છે.

મોરબીના મ્યુનીસીપલ કમિશ્નર સ્વપ્નિલ ખરેએ આજે મોરબી મહાનગરપાલિકાની ટીમની કામગીરીની સમીક્ષા કરી હતી. તેમણે વિવિધ વિસ્તારોમાં ડામર પેચવર્ક , ડ્રેનેજ વર્ક સ્ટ્રીટ લાઇટ રિપેરિંગ અને સફાઈ કામગીરીનું નિરીક્ષણ કર્યુ હતું.

શ્રી ખરેએ કામગીરીની સમીક્ષા કર્યા બાદ આ મુજબ જણાવ્યુઃ

(BYTE -- SWAPNIL KHARE)

. . . . . . . .

# PADRANI COMPANY

મુજપુર – ગંભીરા પૂલ દુર્ઘટના બાદ પાદરાની કંપનીઓ દ્વારા કામદારોને સમય અને શિફ્ટમાં રાહતો અપાઇ છે. રાજ્ય સરકારના જિલ્લા ઉદ્યોગ કેન્દ્ર અને શ્રમ વિભાગ દ્વારા કરાયેલા હસ્તક્ષેપથી 53 કંપનીના 4 હજાર જેટલા કામદારો માટે રાહત રૂપ નિર્ણયો લેવાતા કામદારોની સમસ્યા દૂર થઇ છે.

કેટલીક કંપનીઓ દ્વારા વાહન ભથ્થુ વધારવામાં આવશે , તો આણંદના રુટથી આવતા કામદારોને જનરલ શિફ્ટ આપવાનું નિયત કરાયું છે. ઉપરાંત બસના રૂટ બદલાતા હાજરીના સમયમાં પણ છૂટછાટ આપવામાં આવશે. સાથે જ કેટલીક કંપની દ્વારા કામદારોને હાજરીમાં 25 દિવસના બદલે 22 દિવસ સુધીની છુટ આપવામાં આવી છે.

. . . . . . . . . .

# MID BREAK- NEWS- REGIONAL

આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ-વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો. આ સમાચારનું જીવંત પ્રસારણ આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/GU અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલો કરશો.

(ગોન્ગ મ્યુઝિક)

....................................

# CRIME CONFERENCE

અમદાવાદના પોલિસ કમિશનર જી એસ મલિકે આજે જણાવ્યું છે કે , સીસીટીવી પ્રોજેક્ટને કારણે શહેરમાં ગુનાઓની સંખ્યામાં નોંધપાત્ર ઘટાડો થયો છે. અમદાવાદમાં યોજાયેલી ક્રાઇમ કોન્ફરન્સમાં છેલ્લાં છ મહિનામાં નોંધાયેલા ગુનાઓની સમીક્ષા કરવામાં આવી હતી.

શ્રી મલિકે જણાવ્યું કે , શહેરમાં ગુનાઓ કાબુ હેઠળ છે અને ગંભીર પ્રકારના ગુના ઓછા થઈ રહ્યા છે. શહેરમાં 22 હજારથી વધુ સીસીટીવી કેમેરા ગોઠવવામાં આવ્યા હોવાથી ચોરી અને લૂંટ જેવા ગુનાઓનો ઝડપથી ઉકેલ આવી રહ્યો છે.

તેમણે જણાવ્યું કે, તાજેતરમાં અમદાવાદ વિમાન દુર્ઘટના દરમિયાન પોલિસે પ્રશંસનીય કામગીરી બજાવી હતી.

(BYTE G S MALIK)

. . . . . . . . .

# WORLD UNIVERSITY GAMES

જર્મનીના રૂહ્ર ખાતે આવતી કાલથી શરૂ થઈ રહેલી FISU વર્લ્ડ યુનિવર્સિટી ગેમ્સમાં ભારતની ટેબલ ટેનિસ ટીમમાં ગુજરાતના બે ખેલાડીને સામેલ કરવામાં આવ્યા છે. બંને ખેલાડીઓ સુરતનાં છે. 23 વર્ષીય અયાઝ ટેબલ ટેનિસ ટીમની આગેવાની લેશે, જ્યારે 20 વર્ષીય દેવર્ષ વાઘેલા પણ આ ટીમમાં રમશે.

ગુજરાત સ્ટેટ ટેબલ ટેનિસ એસોસિયેશના પ્રમુખ પ્રમોદ ચૌધરીએ ભારતીય ટીમમાં બે ગુજરાતી ખેલાડીની પસંદગી અંગે આનંદ વ્યક્ત કર્યો હતો.

દરમિયાન, આ જ સ્પર્ધામાં બેડમિન્ટન માટે ભારતીય મહિલા ટીમનાં કેપ્ટન તરીકે મહેસાણાની તસ્મિન મીરની પસંદગી કરવામાં આવી છે.

. . . . . . . . . . .

# RAIN

રાજ્યમાં છેલ્લાં બે દિવસથી વરસાદનું જોર ઘટ્યું છે. આજે સવારે છ વાગ્યાથી સાંજનાં છ વાગ્યા સુધી રાજ્યનાં 37 તાલુકામાં હળવો વરસાદ નોંધાયો છે મહીસાગર જિલ્લાનાં કડાણા તાલુકામાં બે ઇંચ વરસાદ નોંધાયો છે.

રાજ્યમાં અત્યાર સુધી 18 ઇંચ વરસાદ પડ્યો છે , જે મૌસમનાં સરેરાશ વરસાદની સામે 51 ટકા થાય છે. સૌથી વધુ 58 ટકા વરસાદ કચ્છ ઝોનમાં પડ્યો છે.

રાજ્યનાં 25 ડેમ સંપૂર્ણ ભરાયા છે , જ્યારે 57 ડેમ 70થી 100 ટકા સુધી ભરાયા છે. 39 ડેમ હાઇ એલર્ટ પર 25 ડેમ એલર્ટ પર છે.

નવસારી જિલ્લાના અમારા પ્રતિનિધી અશોક પટેલ જણાવે છે કે , વાંસદામાં કેલીયા ડેમ અને ઝૂઝ ડેમ ઓવરફ્લો થતાં નદીમાં પૂર આવવાની સંભાવનાને પગલે બીલીમોરાના કેટલાંક વિસ્તારમાં નાગરિકોને સલામત સ્થળે ખસી જવા નગરપાલિકાએ જાહેરાત કરી હતી. જિલ્લામાં આજે 20 માર્ગો વાહન વ્યવહાર માટે બંધ કરવામાં આવ્યા હતા.

પોરબંદર જિલ્લાના અમારા પ્રતિનિધિ મહેશ લુક્કા જણાવે છે કે , પોરબંદર મહાનગરપાલિકા તેમજ રાણાવાવ પંથકના 40 થી વધુ ગામોને પાણી પૂરું પાડતા બરડા ડુંગરના પેટાળમાં આવેલ ફોદાળા અને ખંભાળા ડેમમાં નવા નીરની આવક થઈ છે.

. . . . .

# WEATHER PREDECTION

હવામાન વિભાગે આગામી 24 કલાક દરમિયાન ઉત્તર અને દક્ષિણ ગુજરાતમાં ભારે વરસાદની આગાહી કરે છે , ત્યારબાદ રાજ્યમાં વરસાદનું જોર ઘટવાની સંભાવના છે. કેટલાક વિસ્તારોમાં ગાજવીજ સાથે 30 થી 40 કિલોમીટર પ્રતિ કલાકની ઝડપે પવન ફૂંકાઈ શકે છે. 17 જુલાઈ બાદ સમગ્ર રાજ્યમાં વરસાદ વિરામ લે તેવી શક્યતા છે.

હવામાન વિભાગના નિયામક ડોક્ટર એ કે દાસે વધુ માહિતી આપીઃ

(BYTE -- A K DAS)

. . . . . . . . . .

# CM BIRTHDAY

આજે મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે તેમનાં 64મા જન્મદિવસે અડાલજ ખાતેના ત્રિમંદિરમાં દર્શન-પૂજન કરીને આશીર્વાદ મેળવ્યા હતાં. રાષ્ટ્રપતિ દ્રોપદી મૂર્મુએ ટેલિફોનિક વાતચિત કરીને મુખ્યમંત્રીને દિર્ઘાયુ અને સ્વાસ્થ્યપ્રદ જીવનની શુભેચ્છાઓ પાઠવી હતી.

. . . . . . . . . . .

# NATIONAL HIGHWAY AUTHORITY OF INDIA

નેશનલ હાઇવે ઑથોરિટી ઑફ ઇન્ડિયા ( NHAI)એ અદ્યતન ફરિયાદ નિવારણ પ્લેટફૉર્મ સાથે રોડ રસ્તા થકી મુસાફરી કરતાં લોકોની સલામતી અને સુવિધા સુનિશ્ચિત કરવા પ્રતિબદ્ધતા દર્શાવી છે. આ માટે અદ્યતન ફરિયાદ નિવારણ પ્લેટફૉર્મ્સ અમલી બનાવ્યા છે જેમાં એક હજાર 33 હેલ્પલાઇન નંબરનો સમાવેશ થાય છે.

24 કલાક કાર્યરત આ હેલ્પલાઇન દ્વારા અકસ્માતો , રસ્તા પરના ખાડાઓ તેમજ ટોલ સંબંધિત સમસ્યાઓની જાણ કરી શકાશે , આ ઉપરાંત રાજમાર્ગ યાત્રા મોબાઇલ એપ્લિકેશન,જાહેર ફરિયાદ માટેનું પોર્ટલ , ડ્રોન એનાલિટિક્સ મોનિટરિંગ સિસ્ટમ, NHAI વન મોબાઇલ એપ , ટોલ ઇન્ફર્મેશન સિસ્ટમ વિકસાવવામાં આવી છે.

. . . . . . . . .